# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૩૨૭ • તા.૧૪ સપ્ટેમ્બર થી ૨૦ સપ્ટેમ્બર ૨૦૨૪

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.






# ભુજ મધ્યે યોજાયો ‘પખાવાજ’નો ભવ્યાતિભવ્ય કાર્યક્રમ



Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai
GJF
Life Member
SHUBH
DIAMONDS
RAJESH MOMAYA
9884149494
# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.
For Business Queries : 044-4314 1444
www.shubhdiamonds.com Contact : 9884899494 E.Mail : pratik.mota@shubhdiamonds.com
-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/ મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.




# ત્રણ કુળને તારનારી દીકરી

ભારતની કુટુંબ-સમાજ વ્યવસ્થા પરંપરાગત રીતે પુરૂષ પ્રધાન છે. અગાઉ શિક્ષણ ઓછું પ્રચલિત હતું. ટેકનોલોજીની અસર ન હતી. વડીલોની આમન્યા તળે કુટુંબના સભ્યો આદર માન જાળવતા હતા. પણ હવે શિક્ષણનું મહત્વ વધ્યું છે. વિજ્ઞાનની પ્રગતિથી સંદેશ વ્યવહાર, અવર જવર માટેના ઝડપી વાહનોના પ્રતાપે પ્રવાસ કરવું સુવિધા જનક થયું છે. ગામડાઓ ભાંગતા જઈ શહેરો વિકસતા જાય છે. ભણતરને લીધે વિચારોમાં મોકળાશ વધી છે. મહિલાઓ શિક્ષણ પામી આગળ વધી રહી છે. પુરૂષોની બરોબરનો દરજ્જો મહિલાઓને મળવા લાગ્યો છે.

આ વૈચારિક પરિવર્તનને લીધે બેટી બચાવ પેઢી પઢાવ જેવા નારાને લીધે ભ્રુણ પરીક્ષણ બંધીને કારણે દીકરીઓનો જન્મ દર વધવા પામ્યો છે. પહેલાંની જેમ દરેક કુટુંબમાં ત્રણથી પાંચ સંતાન સામાન્ય રહેતાં તે હવે એક કે બે, પછીએ દીકરા હોય કે દીકરીઓ ત્યાં સુધી સીમિત રહી ગયો છે. વર્તમાન સમયની વાત કરીએ તો દીકરા દીકરી વચ્ચેની ભેદરેખા હવે અમુક અંશે જ નજરે પડે છે. આજે સ્ત્રી પુરૂષના ખભે ખભા મેળવી તેને દરેક ક્ષેત્રમાં સાથ આપે છે. એટલું જ નહીં અમુક ક્ષેત્રમાં પુરૂષ કરતાં સ્ત્રી બે ડગલાં આગળ છે. એમ કહીએ તો ખોટું નથી.

ભૂતકાળ સમયની વાત કરીએ તો બહુધા જણ દીકરીને પરિવારનો બોજ સમજતા. ઘરમાં માત્ર દીકરીનો જન્મ ન હોવો જોઈએ. કારણકે પરિવારમાં જન્મી ઉછરી કેળવણી તાલીમને શિક્ષણ લઈ સજ્જ થયેલી દીકરી પરણીને અન્ય પરિવારમાં સમાઈ જાય છે. પિયરવાળાઓએ તેની પાછળ કરેલું રોકાણનું વળતર સાસરા પરિવારને આપે છે. એવી માન્યતા હવે ભાંગીને ભૂકો થઈ ગઈ છે. પરિવારનો ચક્ર દીકરી છે કારણકે  દીકરી જ ભવિષ્યની પુત્રવધૂ છે અને માતા છે. દીકરીથી જ પરિવારમાં દીકરાઓ જન્મશે. માન્યતા એવી પ્રર્વતે છે કે દીકરીઓ આપણા કુળને તારે છે. પણ હકીકતમાં જોઈએ તો દીકરી ત્રણ કુળને તારે છે. મોસાળનું, પિયરનું અને સાસરીયાનું પોતાની કલા કૌશલ અને કાર્યથી નામ બુલંદ કરનાર કોની દોહિત્ર છે, કોની પુત્રી છે અને કયા પરિવારની પુત્રવધૂ છે એ સમાજમાં પૂછાય છે.

આજે જે કામ દીકરો કરે છે તે જ કામ તેનાથી ચડિયાતી રીતે દીકરી કરી શકે છે. જેટલું વધું શિક્ષણ તે મેળવશે તેટલી તેની વૈચારિક શક્તિ વધુને વધુ ખીલે છે.

ઘરની દીવાલો પર કંકુ થાપાની છાપ મૂકી રડતી વિદાય થનાર દીકરી પિતાના ઘરના સંબંધો, વ્યવહારો, સંસ્કારો એટલું જ નહીં નામ સરનામાં અને સંબંધો છોડીને નવા ઘરે એક રોપો ઉખેડીને અન્યત્ર રોપાય એમ વસે છે. દીકરીનું જીવન લગ્ન પછી અનેક રીતે બદલી જાય છે. નવા સંબંધો, નવી વ્યક્તિઓના સ્વભાવો સાથે એડજેસ્ટ કરી પોતાની જાતને ઓગાળી દઈ પોતાનો નવો ઘાટ ઘડે છે. આ ત્યાગ અને તપનો પ્રભાવ તે પરિવારને આપી તેને કુટુંબને સ્વાપર્ણ કરે છે. ઘરના કમાઉ દીકરાને જે માન પાન અને સ્થાન મળે છે એ જ માન પાન અને સ્થાન પુત્રવધૂને પણ મળવા જોઈએ. ઈન્જિનિયર બનેલ પુત્ર મકાન ચણી શકે છે. પણ એ મકાનને મંદિરમાં રૂપાંતરિત કરવાનું કામ માત્ર પુત્રવધૂ જ કરી શકે છે આ પૂત્રવધૂને પુત્રી ગણી તેનું માન સ્વમાન અને લાગણી પ્રેમ પરિવારમાં મળે તેની કાળજી સંભાળ લેવાય એવો વિચાર સર્વત્ર પ્રર્વતવો જોઈએ જો આપણે સમજીશું, સુધરશું અને બદલશું તો સમાજ પણ આપણી રાહે ચાલશે.

– જય જ્ઞાતિમૈયા

# જ્ઞાન આપે તે ગુરૂ

ત્રિમુખી દતાત્રય ભગવાને જીવનમાં ચોવીસ ગુરૂ કરેલા એવું શાસ્ત્રોમાં દર્શાવ્યું છે. આમ જોઈએ તો દરેક જગ્યાએથી, દરેક સંજોગ પરિસ્થિતિમાં, દરેક નાના મોટા વ્યક્તિ કે તત્વ પાસેથી દરેક સમયે કંઈકને કંઈક શીખવા તો મળે જ છે. સતી અનસૂયા અને ઋષિ અત્રિના પુત્ર દત્તાત્રયે બનાવેલા ૨૪ ગુરૂઓમાં પૃથ્વી, સૂર્ય, વાયુ, અગ્નિ, કબૂતર, પિંગલા વેશ્યા, હરણ, સમુદ્ર, પતંગિયું, હાથી, આકાશ, મધમાખી, માછલી, ક્રોંચ પક્ષી, બાળક, ચંદ્ર, કુંવારી કન્યા, તીરંદાજ, સાપ, કરોળિયો, ભમરો, અજગર, પાણી, ભૃંગી કીટક આમ દરેક તત્વ, જીવમાંથી સારપનો બોધ લઈ દરેક માનવી ઉત્તમ અને દેવ પુરૂષ બની શકે તે સમજાવ્યું છે.

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

જે જ્ઞાન આપે, જેનાથી જ્ઞાન મળે એ ગુરૂ. જેમની વાણીમાં, વર્તન આચરણમાં સત્ય હોય, આંખમાં તેમજ અંતરમાં વાસના નહીં ઉપાસના હોય તે ગુરૂ. ગુરૂ કોઈપણ હોઈ શકે છે, કોઈપણ રૂપમાં હોઈ શકે. ગુરૂ વ્યક્તિના રૂપમાં પણ હોઈ શકે, કે વ્યક્તિત્વના રૂપમાં હોઈ શકે છે. ગુરૂમાં ચારિત્ર્ય, જ્ઞાન અને નિસ્વાર્થ ભાવ હોવો જોઈએ. જે સાચું માર્ગદર્શન આપી શકે તેનું નામ ગુરૂ અને જે અંશ ભર માત્ર માર્ગદર્શન લે તેનું નામ શિષ્ય. ગુરૂ ખરેખર સદ્‌ગુરૂ છે કે નહીં એ જોવાની જવાબદારી શિષ્યની છે.

સાચો ગુરૂ એ છે જે સૌમ્યતા છોડે નહીં. શીખવતા વખતે જે અશાંત ન થાય તે ગુરૂ. ગુરૂના સ્વભાવમાં મૃદુતા હોવી જોઈએ કટુતા નહીં. ઘમંડથી પર અને ગર્વથી મગરૂર ન હોય ગુરૂ. અન્યને પણ જશ આપે તે છે ગુરૂ. શિષ્યને જાકારો ન આપે તે ગુરૂ. અગર શિષ્ય અપાત્ર, પતિત, કુશિષ્ય હોય તેને જાકારો ન આપે કારણ કે કુશિષ્ય ને સદ્‌શિષ્ય બનાવવાની જવાબદારી જેના શિરે છે જે એનો સ્વીકાર કરે તે સાચો ગુરૂ.

બાળપણથી માંડી યુવાની સુધીનો સમય ગાળો એક મોટો તબક્કો વિવિધ શિક્ષક કહેતા ગુરૂની છત્રછાયામાં પસાર થતો હોય છે. ભણતર સાથે જીવન ઘડતરના સમયમાં ગુરૂની ભૂમિકા અગત્યનો ભાગ ભજવતી હોય છે. અગાઉના કાળમાં ગુરૂકુળ એ આદર્શ પરંપરા હતી. ગુરૂકુળમાં રહેતા બાળકને ગુરૂ જીવનના તમામ પાઠ શીખવતા. ઘરથી દૂર ગુરૂકુળમાં ભણતર સાથે ઘડતર થતું હતું. સમય વીતતાં પધ્ધતિ બદલાઈ અને ગુરૂકુળની જગાએ શાળા પધ્ધતિ આવી. એક ગુરૂને બદલે અનેક ગુરૂઓ મળ્યાં. જેટલા ગુરૂઓ એટલા અનુભવ, આમ નવું ભણતર અને નવું ઘડતર એ રૂઢિ પધ્ધતિ થઈ ગઈ છે. સ્કૂલ શિક્ષકો, ટ્યુશન ટીચરો, હોબી ક્લાસ ટીચરો, કરાટે, ડ્રોઈંગ, આર્ટ, નૃત્ય શીખવતા શિક્ષકો આ વિવિધ ગુરૂઓના સંગતથી આજે જ્ઞાન મળે છે. ગુરૂ આપણને આપણું ભવિષ્ય બનાવે છે. આપણું ભવિષ્ય સુધારે છે. ગુરૂ આપણને અંધકારમાંથી અજવાળા તરફ દોરી જાય છે. ગુરૂ આપણને કોઈ દિવસ ખોટું નહીં શીખવાડે પણ ખોટું કરતા હોઈશું તો આપણને જરૂર રોકશે. આપણને ખોટે માર્ગે જતાં અટકાવે તે ગુરૂ જ્ઞાનનો પ્રસાદ વેંચે છે પણ એ પ્રસાદ લેવાને પાત્ર આપણે બનીએ એ જરૂરી છે.

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

## ક.દ.ઓ. જૈન સમાજનું નજરાણું એટલે ''પખાવાજ''

# ભુજ મધ્યે યોજાયો પખાવાજનો ભવ્યાતિભવ્ય કાર્યક્રમ

# ''પખાવાજ રસિકો ઉમટયા'' પખાવાજ ગાયકી કાયમ રહેશે







અંતરજાળ મહિલા મંડળ




અમદાવાદ પખાવાજ મંડળ




ક.દ.ઓ. જૈન મહિલા મંડળ-ભુજ




ક.દ.ઓ. જૈન મહિલા મંડળ-ભુજ

શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજનશ્રી ભુજ દ્વારા એકમ-ભવન ભુજ મધ્યે સોમવાર, તા. ૯ સપ્ટેમ્બર ૨૦૨૪ ના પખાવાજ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં જુદા-જુદા ૧૪ પખાવાજ મંડળોએ ભાગ લીધો હતો. દરેક મંડળોએ પખાવાજ ગીતો રજૂ કરી સૌને પ્રભુ ભક્તિમાં તરબોળ કર્યા હતા.

પખાવાજ કાર્યક્રમનાં મુખ્ય દાતા પ્રીતિબેન ડુંગરશી વિશનજી મોમાયા, (સાંયરા-આદિપુર) હાલે ભુજ, કાર્યક્રમ સ્થળે પધારતાં તેમનું ઢોલ-શરણાઇથી વાજતે-ગાજતે સ્વાગત કરવામાં આવેલ.

કચ્છનું પાટનગર ભુજ જ્યાં કે.ડી.ઓ.ના ૧૦૦ પરિવારો વસે છે. ભુજ-વર્ધમાનનગર-કોવઇનગર-માધાપર-માનકુવા મળીને એકસો ઘર છે. તે પૈકી ૭૦ પરિવારો વર્ધમાનનગરમાં વસે છે. આવા ભુજનાં પ્રાંગણે પખાવાજ કાર્યક્રમનું પ્રથમ વખત ભવ્ય આયોજન થયું. કાર્યક્રમનાં આરંભે નવકારમંત્ર અમીતા જૈન, હર્ષા જૈન, માલતી ડાઘાએ રજૂ કર્યું. ત્યાર બાદ પ્રીતિબેન મોમાયા, હીરાલાલભાઇ જીવાણી, શાંતિલાલભાઇ લોડાયા, ચન્દ્રકાન્તભાઇ ખોના, વડોદરાનાં પદમશીભાઇ મોમાયા, દીનેશભાઇ અજાણી, હરીશભાઇ મુનવર, હિતેન છેડા, ધનપતિ લોડાયા, પ્રબોધ મુનવર, દિલીપ મોતા, હીરાચંદ છેડા, તુષાર જૈને દિપ પ્રગટાવી પખાવાજ કાર્યક્રમને ખુલ્લો મૂક્યો હતો.

# ભુજ મધ્યે યોજાયો પખાવાજનો ભવ્યાતિભવ્ય કાર્યક્રમ




કોઠારા જૈન મહિલા મંડળ



કાર્યક્રમના સંચાલકો



કોઠારા જૈન મિત્ર મંડળ



કોઠારા મહિલા મંડળ



ગાંધીધામ યુવક મંડળ

૯૧ વર્ષીય પખાવાજ ગાયક હીરાલાલભાઇ જીવાણી તથા ૮૦ વર્ષીય પદમશીભાઇ મોમાયાનું આ અવસરે વિશિષ્ટ સન્માન કરવામાં આવેલ. શાન્તીલાલભાઇ લોડાયા, ચન્દ્રકાન્તભાઇ ખોના, હરીશભાઇ મુનવર, હિતેન છેડા, ધનપતિ લોડાયા, દીનેશભાઇ અજાણી, લલીત ખોના, ચેતન ખોના, ઉતમ મોમાયા, મહેશ એસ. નાગડા, ઉમેશ ખોના, મંગલભાઇ લાલકા, રમીલાબેન લોડાયા, જયાબેન મુનવર, જલ્પાબેન ધરમશીં, હેતલબેન મોમાયા, અમીતા જૈન, હર્ષા શાહ, માલતી ડાઘા તથા પખાવાજ ગાયકોએ પખાવાજ સ્તવનોની ભારે રમઝટ જમાવી હતી. કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિનું નઝરાણું એટલે પખાવાજ. વિસરાતી ગાયકી ને ઉજાગર કરવા ભુજ મધ્યે આ ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમનાં મુખ્ય દાતા પ્રિતિબેન ડુંગરશી મોમાયાએ જણાવ્યું હતું કે, આજનો કાર્યક્રમ ઉગતી પેઢીને પ્રેરણા પૂરી પાડે છે. આજનો બાળક મોબાઇલથી રમે છે. ત્યારે શિસ્ત અને સંસ્કારો માટે આવા કાર્યક્રમો યોજવા જરૂરી છે. બાળ તબલચી કનિષ્ક દિપેશ શાહની તબલાવાદક કલાને બિરદાવવામાં આવેલ.

શ્રીમતિ જયોતિબેન વિકમશીએ જણાવ્યું હતું કે, આયોજન શ્રેષ્ઠ છે સૌની અંતરની ભાવનાઓને બિરદાવી હતી. પખાવાજ નાં આયોજન થી સૌ માં જાગૃતિ આવી છે. તેવું જણાવ્યું હતું.

આ અવસરે માનવસેવા અને જીવદયાક્ષેત્રે અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરી રહેલા માનવજ્યોતના પ્રમુખ અને ક.દ. ઓ.જૈન મહાજનનાં પ્રમુખ પ્રબોધ મુનવરને શ્રી ક.દ.ઓ.ભુજ મહાજનશ્રી દ્વારા જ્ઞાતિરત્ન બિરૂદ આપી સન્માનપત્ર અર્પણ કરી બહુમાન કરી તેઓશ્રીની સેવાઓને બિરદાવવામાં આવેલ. તેઓને ઢોલ-શરણાઇ સાથે વાજતે-ગાજતે સ્ટેજ સુધી લઇ આવવામાં આવેલ.

# ભુજ મધ્યે યોજાયો પખાવાજનો ભવ્યાતિભવ્ય કાર્યક્રમ




ગાંધીધામ યુવક મંડળ



છોટે તબલચી કનિષ્ક શાહ



પદમશીભાઈનું સન્માન




નલિયા પખાવાજ મંડળ

શ્રી શાંતિલાલભાઇ કે. લોડાયાએ જણાવ્યું હતું કે, ભુજ મધ્યે સફળ આયોજનથી વિસરાતી પખાવાજમાં ફરી જાગૃતિ આવતા અમારી ચિંતા દૂર થઇ છે. ઘણાં બધા જ્ઞાતિજન ભાઇ-બહેનો અને ખાસ કરી યુવા પેઢી જયારે પખાવાજ સ્તવનો ગાવા આગળ આવી છે ત્યારે એવું લાગે છે કે હવે આ પખાવાજ યુવા પેઢી વર્ષો સુધી ચાલુ રાખશે. જેનો અમને આનંદ છે.

શ્રી ઉત્તમભાઇ ખેતશી મોમાયાએ કાર્યક્રમનાં શ્રેષ્ઠ અને સુંદર આયોજન બદલ ક.દ.ઓ ભુજ મહાજનની સમગ્ર ટીમને બિરદાવી હતી. પ્રબોધ મુનવરનાં માર્ગદર્શન હેઠળ થયેલ કાર્યને બિરદાવ્યું હતું. તેવું જણાવ્યું હતું.

કોઠારા મહાજનશ્રીનાં ટ્રસ્ટી શ્રી દીનેશભાઇ અજાણીએ પ્રાસંગિક ઉદબોધન કરતાં જણાવ્યું હતું કે, પખાવાજ એ શ્રેષ્ઠ ગાયકી છે તેને જાળવી રાખવાના પ્રયત્નો વંદનીય છે. ભુજમાં પખાવાજ યોજાતાં સર્વે પખાવાજ રસીકોમાં જાગૃતિ જોવા મળી રહી છે.

તેરાનાં શ્રી કુમારભાઇ દંડે પખાવાજ કાર્યક્રમમાં પધારી ભુજ મહાજન દ્વારા થયેલ આયોજનને બિરદાવ્યું હતું. પખાવાજને કાયમી ટકાવી રાખવાનાં થઇ રહેલા પ્રયત્નોની સરાહના કરી સર્વે મંડળોને અભિનંદન પાઠવ્યા હતા.ભદ્રેશ્વર તીર્થ પેઢીનાં શ્રી ચેતનભાઇ ખોનાએ જણાવ્યું હતું કે, આપણી ભૂલાતી ગાયકીને કાયમી બનાવવાનાં થઇ રહેલા પ્રયત્નો હવે સફળતા તરફ આગળ ધપી રહ્યા છે. યુવાનો-મહિલાઓ હવે આ પખાવાજમાં જોડાતા પખાવાજ કાયમી બની રહેશે.

# ભુજ મધ્યે યોજાયો પખાવાજનો ભવ્યાતિભવ્ય કાર્યક્રમ



પ્રબોધ મુનવરનું સ્વાગત




પ્રબોધ મુનવરને જ્ઞાતિ રત્ન બિરુદ

**પખાવાજ ગાયકીને જીવંત રખાશે.**

**સમાજનાં મહિલા ગાયકો પણ આગળ આવ્યા.**

**પુરૂષોની જેમ હવે મહિલા ગાયકો પણ મંચ ઉપર**

ગાંધીધામ-ભુજ-કોઠારાનાં મહિલાઓ પણ પખાવાજ સ્તવનો ગાવામાં જોડાયા. શરૂઆત પછી પ્રેકટીશ અને છેલ્લે પુરૂષોની જેમ સ્ટેજ ઉપરથી માઇક ઉપાડી ગાયકી કરી સૌને ખુશ કર્યા.

વિસરાતા પખાવાજ સ્તવનોને ઉજાગર કરવા સતત મહેનત કરી સ્વર સાથે તાલ મિલાવ્યો. સુમધુર કંઠે પખાવાજ સ્તવનો રજુ કરી પખાવાજ રસીકોને ખુશ કર્યા.

**ગાંધીધામ-આદિપુર-અંતરજાળ**

જલ્પા ધરમશી, કાશ્મીરા લોડાયા, રૂપલ મોમાયા, જેવન્તી મૈશેરી, કવિતા ખોના, અલ્પા મોતા, અને તબલાવાદક વિપુલ છેડા એ અંતરજાળ મહિલા પખાવાજ ગ્રુપ દ્વારા પખાવાજની રમઝટ જમાવી. અને પખાવાજ ગાયકીને જીવંત રાખી. સ્ટેજ ઉપર જોરદાર પખાવાજ સ્તવનો રજુ કર્યા. ઉંચા સ્વરે-પખાવાજ સ્તવન ગાઇ સૌને ખુશ કર્યા.

# ભુજ મધ્યે યોજાયો પખાવાજનો ભવ્યાતિભવ્ય કાર્યક્રમ



પ્રિતીબેન મોમાયા



દિલીપભાઈ મોતા



તેરા પખાવાજ મંડળ



નલિયા પખાવાજ મંડળ




તેરા પખાવાજ મંડળ

**ભુજ-વર્ધમાનનગર**

જયાબેન મુનવર, હર્ષા શાહ, અમિતા જૈન, હેતલ મોમાયા, માલતી ડાઘા, ડીમ્પલ ધરમશી, લીલાવંતી છેડા, મીરલ છેડા, ધ્રુવી છેડા, રીટા મોતાએ વર્ધમાનનગર મધ્યે પખાવાજ સ્તવનોની એક મહિના સુધી પ્રેકટીસ કરી. પખાવાજ કાર્યક્રમને ચાર ચાંદ લગાવ્યા. પખાવાજ સ્તવનો તાલ સાથે ગાઇ સૌને આશ્ચર્ય ચકિત કર્યા. નવી પહેલ સાથે નવી દિશા ખુલી અને કચ્છી દશા ઓશવાળ જૈન મહિલા મંડળ ભુજની પહેલ સફળતાને વરી. તલબાવાદક બાળ કલાકાર કનિષ્ક દિપેશ શાહે પખાવાજ સ્તવનોમાં તબલા વગાડી સોનું આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો.

**કોઠારા-કચ્છ**

રમીલાબેન લોડાયા, વિમલાબેન લોડાયા, તોરલબેન શાહનંદ, મનીષા ડાઘા, કિંજલ નાગડા, પૂજા નાગડાએ પખાવાજ ગાયકી રજુ કરી. સ્વર-તાલ મિલાવી સૈને આકર્ષિત કર્યા. પખાવાજનાં જુનાં સ્તવનો ગાઇ ભારે રમઝટ જમાવી હતી.

# ભુજ મધ્યે યોજાયો પખાવાજનો ભવ્યાતિભવ્ય કાર્યક્રમ




ભુજ પખાવાજ મંડળ



ભુજ મહિલા મંડળ




મંજલ-રેલડીયા પખાવાજ મંડળ




ભુજ મહિલા મંડળનું સન્માન



મહિલાઓની વિશાળ હાજરી




મંજલ-રેલડીયા પખાવાજ મંડળ



મહેન્દ્રભાઈ લોડાયા

## માત્ર ૧૦ વર્ષની ઉંમર છતાં.... તબલાવાદક

માત્ર ૧૦ વર્ષની ઉંમરે પખાવાજ સ્તવનોમાં તબલાવાદક કનિષ્ક દિપેશ શાહે તાલ સાથે તાલ મિલાવી તબલા વગાડી પખાવાજ કાર્યક્રમમાં આકર્ષણનું કેન્દ્ર બન્યો. જેને સૌ કોઇએ અભિનંદન પાઠવી હોંશલો વધાર્યો. નાની વયે સરસ તબલા વગાડનાર કનિષ્ક દિપેશ શાહ, (પ્રબોધ મુનવરનો પૌત્ર) તબલા ઉપર જેની હાથ-આંગળીઓ અત્યારથી તબલા ઉપર સરસ રીતે વળે છે. તેને સૌએ બિરદાવી હતી. તેને રોકડ પુરસ્કાર આપ્યું હતું.

ક.દ.ઓ. જૈન યુવક મંડળ ગાંધીધામ પખાવાજ મંડળનાં હિતેન છેડા, અનીશ લોડાયા, વિરાજ છેડા, સાગર લોડાયા, ભરત મોમાયા, વિપુલ છેડાએ પખાવાજની ભારે રમઝટ જમાવેલ.

વધાઇ હીરાચંદ નાગશી લાપસીયાએ સંગીતનાં સૂરો સાથે રજુ કરેલ. અને આખા કાર્યક્રમમાં હારમોનિયમ વગાડી સાથ આપેલ.

# ભુજ મધ્યે યોજાયો પખાવાજનો ભવ્યાતિભવ્ય કાર્યક્રમ



મહિલા આગેવાનો



મુખ્ય દાતાશ્રીનું સન્માન



શ્રાવકોની વિશાળ હાજરી




વર્ધમાનનગર



શ્રી કુમારભાઇ દંડ



વડોદરા પખાવાજ મંડળ

હીરાલાલભાઇ જીવાણી-કોઠારા, શાન્તીલાલભાઇ લોડાયા, ચન્દ્રકાન્તભાઇ ખોના, પદમશીભાઇ મોમાયા-વડોદરા, હરીશભાઇ મુનવર, મુલચંદભાઇ મોમાયા, હીરાચંદ લાપસીયા, લહેરચંદભાઇ સાયલા-અમદાવાદ, હીરાચંદભાઇ મૈશેરી-હુંબલી, ગોવિંદજી પટેલ, જવેરચંદ ખોના, ઉમેશ ખોના, પ્રકાશ લોડાયા-સાંધવ, કુમારભાઇ દંડ-તેરા, ઉતમભાઇ મોમાયા-સાંયરા, સોમચંદભાઇ ધરમશી-ગુણપુરી, દીનેશભાઇ અજાણી, ધનપતિ લોડાયા, લહેરચંદ લોડાયા, દેવેન્દ્ર જીવાણી, મુલચંદ મુનવર,વીરચંદ મૈશેરી,મહેશ જે. શાહ, જયંત જે. શાહ,દિપક નાગડા-કોઠારા, પ્રેમચંદભાઇ દંડ, નવીનભાઇ દંડ-લાલા, ચેતન ખોના, ખુશાલ ડાઘા, મોનીક ડાઘા, ભાવીક ડાઘા-ભદ્રેશ્વર, મંગલ લાલકા, રાજેશ વોરા, બીપીન સાયલા, કીરીટ મારાજ, સતુભાભાઇ, ધીરજભાઇ ગોશર, જીતેન્દ્ર ગોર, શ્યામ સાયલા-મંજલ, લલીત ખોના, મહેશ એસ. નાગડા-નલીયા,હિતેન છેડા,વિપુલ છેડા-ગાંધીધામ, મુલચંદ દંડ, અનિલ ગાલા-તેરા, કલ્યાણજીભાઇ ડાઘા, ખુશાલ ખોના, વસંત પીર-સુથરી, ઝવેરચંદ ખોના, મનીષ ધરમશી-વર્ધમાનનગર, ડોલર લોડાયા-બાંડીયા, વસંત મારાજ, કિશોર મારાજ, તથા ભાઇઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ભુજ મધ્યે યોજાયો પખાવાજનો ભવ્યાતિભવ્ય કાર્યક્રમ




સમાજના મહિલાઓ




શ્રી કોઠારા જૈન મિત્ર મંડળ



સાંધવ પખાવાજ મંડળ



સુથરી પખાવાજ મંડળ




સાંધવ પખાવાજ મંડળ

પ્રિતિબેન મોમાયા, અનીલાબેન વિકમશી, જયોતિબેન વિકમશી, જયાબેન મુનવર, જયુબેન શાહ, જીનાલી મુનવર, રમીલાબેન લોડાયા, વિમલાબેન લોડાયા, તોરલબેન શાહનંદ, ગુણવંતીબેન મોતા, ખમ્માબેન લોડાયા, સુશીલાબેન દંડ, મીનાબેન જીવાણી, લતાબેન ધરમશી, અમીતા જૈન, હર્ષા શાહ, હેતલ મોમાયા, ભુમિકા લોડાયા, દમયંતીબેન મોતા, જયશ્રીબેન જીવાણી, ડીમ્પલ ધરમશી, માલતી ડાઘા, કાન્તાબેન મુનવર, સંગીતાબેન નાગડા, ગીતાબેન લોડાયા, રચનાબેન વિકમશી, ઇરાબેન વિકમશી, નયનાબેન મુનવર, નીરૂપમાબેન લોડાયા, જીજ્ઞાબેન લોડાયા, લેખાબેન લોડાયા, ગીતાબેન ડાઘા, દિપ્તીબેન મોતા, લીલાવંતીબેન મુનવર, લીલાવંતીબેન છેડા, અરૂણાબેન પોલડીયા, રાખીબેન ખોના, લતાબેન ખોના, જયશ્રીબેન ખોના, હેમલતાબેન ડાઘા, હિતાન્શી મોમાયા તથા વિશાળ સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

પ્રબોધ મુનવર, દિલીપ મોતા, હીરાચંદ છેડા, મહેન્દ્ર લોડાયા, હરીશ લોડાયા, તુષાર જૈન, રાજેન્દ્ર વી. શાહ, અનીલ શાહ, કલ્યાણજીભાઇ ડાઘા, હેમંત મોમાયા, મુલચંદ મુનવર, ખુશાલ ખોના, અભય ધરમશીં, ખુશાલ કે. લોડાયા, પંકજ નાગડા, હીરેન પોલડીયા, ફેનીલ લોડાયા, દીપેશ શાહ, જીગેશ મુનવર, ઉદય વિકમશી, હેમંત વિકમશી, યશ વિકમશી, દિવેશ મુનવર, કાન્તીલાલ પોલડીયા, મહેશભાઇ સી. લોડાયા, ખુશાલભાઇ નાગડા, હરીશ મૈશેરી, દિલીપ સાયલા, વિનય હેફા, વિશાલ હેફા, જય લાપસીયા, પ્રદીપ દંડ, કલ્યાણજીભાઇ ડાઘા, લલીત ડાઘા, અનીલ ડાઘા તથા ભુજ સમાજના ભાઇ-બહેનોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ભુજ મધ્યે યોજાયો પખાવાજનો ભવ્યાતિભવ્ય કાર્યક્રમ





હિરાલાલભાઈનું સન્માન



હિરાચંદભાઈ છેડા



હિરાલાલભાઈનું સન્માન




સાંયરા પખાવાજ મંડળ

મોડી રાત સુધી ચાલેલા કાર્યક્રમને સમાજવાસીઓએ ઉપસ્થિત રહીને માણ્યો હતો. અને પખાવાજ મંડળોને જોરદાર આવકાર આપ્યો હતો. પખાવાજ કાર્યક્રમનું જીવંત-પ્રસારણ (લાઇવ) કરવામાં આવતાં દેશ-વિદેશમાં રહેતા ૩૮૬૨ પખાવાજ રસીકો અને જ્ઞાતિજનોએ ઘેરબેઠા કાર્યક્રમ નિહાળ્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રબોધ મુનવર તથા હીરાચંદ છેડાએ જયારે આભાર દર્શન દિલીપ મોતા, મહેન્દ્ર લોડાયાએ કરેલ.

વ્યવસ્થામાં હિરાચંદ છેડા, તુષાર જૈન, અભય ધરમશી, નીરવ મોતા, હિમાન્શુ મોતા, રાકેશ ધરમશી, યશ નાગડા, દર્શન જીવાણી, હર્ષ છેડા, ધવલ છેડા, ફેનીલ લોડાયા, જીગેશ મુનવર, દિપેશ શાહ સૌએ સાથે મળી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.જયારે રસોડાની વ્યવસ્થા દિલીપ મોતા, હરીશ લોડાયા, તુષાર જૈને સંભાળી હતી.

# ભુજ મધ્યે યોજાયો પખાવાજનો ભવ્યાતિભવ્ય કાર્યક્રમ





સુથરી પખાવાજ મંડળ



સાંયરા પખાવાજ મંડળ



યાદગાર તસ્વીર

**કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિના નીચે મુજબ મંડળોએ પખાવાજ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.**

૧. ક.દ.ઓ. જૈન મહિલા મંડળ- ભુજ, ૨. શ્રી ક.દ.ઓ. જૈન પખાવાજ મંડળ- સાંધવ, ૩. શ્રી ક.દ.ઓ. અંતરજાળ મહિલા મંડળ આદિપુર-ગાંધીધામ, ૪. શ્રી ક.દ.ઓ. જૈન પખાવાજ મંડળ- તેરા,૫. શ્રી કોઠારા જૈન મિત્ર મંડળ-કોઠારા, ૬.શ્રી ક.દ.ઓ. જૈન પખાવાજ મંડળ-નલીયા, ૭. શ્રી કોઠારા જૈન મહિલા મંડળ કોઠારા, ૮. શ્રી ક.દ.ઓ. જૈન પખાવાજ મંડળ-સાયરા, ૯. શ્રી ક.દ.ઓ. જૈન યુવક મંડળ-ગાંધીધામ, ૧૦.શ્રી ક.દ.ઓ. જૈન પખાવાજ મંડળ-ભુજ, ૧૧. શ્રી ક.દ. ઓ. જૈન પખાવાજ મંડળ-વડોદરા, ૧૨. શ્રી ક.દ.ઓ. જૈન પખાવાજ મંડળ-અમદાવાદ, ૧૩. શ્રી ક.દ.ઓ. જૈન પખાવાજ મંડળ-મંજલ રેલડીયા, ૧૪. શ્રી ક.દ.ઓ. જૈન પખાવાજ મંડળ-સુથરી

સૌનો આભાર

શ્રી ક.દ.ઓ. જૈન મહાજન ભુજ-કચ્છ.

# JOB VACANCY FOR MARKETING TEAM SENIOR MANAGER

# BRILLANO
CERAMICO
EXCLUSIVE TILE COLLECTION

**BASIC REQUIRMENT**
- QUALIFICATION - GRADUATE
- ADVANCE : EXCEL & WORD
- SALES ANALYSIS

**ADVANCED SKILLS:**
- LEADERSHIP SKILLS
- PROFESSIONAL EXPERIENCE
- GOOD COMMUNICATION
- WELL ORGANIZED
- TIME MANAGEMENT
- ART OF DELEGATION
- SELF CONFIDENCE
- CREATIVE WORK-FLOW



***EXPECTED 5 YEARS OF EXPERIENCE***

CANDIDATE NEAR RESIDENCE WILL GET 1ST PREFFRENCE

**DROP YOUR CV ON**
**+91 84339 23367 / KEVAL SHAH (MOMAYA)**
**+91 91934 99000 / VIHAAN SHAH (DHROL)**
**+91 9892482190 / OFFICE**

***SALARY - 20K TO 50K++ AS PER AVAILABILITY***

***WALK-IN INTERVIEW AT OFFICE MALAD***

## GALLERY OF EXCLUSIVE TILES COLLECTION

BRILLANO CERAMICO PVT LTD. UNIT NO: 731/732/733, IJMIMA COMPLEX, BEHIND INFINITY MALL EXIT GATE, MINDSPACE, MALAD (WEST), MUMBAI - 400064. PH: 022 4607 9900, MOB: +91 98924 82190,
www.brillanoceramics.com , https://www.instagram.com/brillanoceramics/

BRILLANO टाइल्स की वैरायटी देखते रह जाओगे...

# મુંબઈ તેમજ દેશ-દેશાવર તથા પરદેશમાં આબાલ વૃદ્ધો દ્વારા ઉગ્ર તપ આરાધનાઓ થઈ

પર્યુષણ મહાપર્વ પ્રસંગે ઠેર ઠેર દેશ દેશાવર માં વિવિધ નગર સંઘ મહાજનો માં અદ્‌ભૂત તપસ્યાઓ થઈ છે. જે ખરેખર અનુમોદનીય છે. અમારી પાસે આવેલ વ્યકિતગત તેમજ વિવિધ મહાજનો સંઘ દ્વારા મળેલ તપસ્વીઓની યાદી માં ૮ ઉપવાસ કરેલ તપસ્વીઓની નામાવલી અને ૯ ઉપવાસ કે તેથી ઉપર કરેલ તપસ્વીઓના ફોટા અત્રે પ્રગટ કર્યા છે. દરેક ધર્મ આરાધનાઓ કરેલ તપસ્વીઓની સમસ્ત મહાજન ભૂરી ભૂરી અનુમોદના કરે છે અને દરેક તપસ્વીઓ તપ આરાધના કરી ધર્મ ભાવ શિખર આરોહણ ઉન્નત કરેલ છે. આ ભાવ કાયમ પ્રર્વતક રહે એજ ઈચ્છીએ.

परस्परोपग्रहो जीवानाम्



દિપક પુનશી શાહ
(જખૌ-ઈચલકરંજી)
સિદ્ધિ તપ



પ્રિતેશ દીપક શાહ
(જખૌ-ઈચલકરંજી)
સિદ્ધિ તપ



તોરલ પ્રિતેશ શાહ
(જખૌ-ઈચલકરંજી)
સિદ્ધિ તપ

परस्परोपग्रहो जीवानाम्



હર્ષ પ્રિતેશ શાહ
(જખૌ-ઈચલકરંજી)
સિદ્ધિ તપ



મૃદુલા ભુપેન્દ્ર મોમાયા
(સાયરા)
સિદ્ધિ તપ



ભાવના કિર્તી પોપાડીયા
(બાયઠ-રાયપુર)
સિદ્ધિ તપ



પૂજા હિતેશ મોમાયા
(વરાડીયા-રાયપુર)
સિદ્ધિ તપ



ભરત નારાણજી મૈશેરી
(બાંઢિયા-રાયપુર)
સિદ્ધિ તપ



ગુંજન રાહુલ ધરમશી
(સુરત-સુથરી)
૩૨ ઉપવાસ



છાયા જયેશ લોડાયા
(વાંકુ-ડોંબિવલી)
૧૧ ઉપવાસ



માનસી પ્રતિક ખોના
(સાંધવ-ગાંધીધામ)
૧૨ ઉપવાસ



રેશ્મા તેજસ મુનવર
(રંગપુર નેરૂલ)
૧૦ ઉપવાસ



રિટા ચેતન નાગડા
(રંગપુર-ઘાટકોપર)
૧૦ ઉપવાસ

## ધન્ય તપશ્ચર્યા તમારી, સ્વીકારો અનુમોદના અમારી

# મુંબઈ તેમજ દેશ-દેશાવર તથા પરદેશમાં આબાલ વૃદ્ધો દ્વારા ઉગ્ર તપ આરાધનાઓ થઈ


પારસ મયુર ધરમશી
(સાયરા-તિલક નગર)
૧૬ ઉપવાસ


રાજેશ પ્રવીણચંદ્ર મૈશેરી
(મોટી સિંધોડી-ડોંબિવલી)
૧૬ ઉપવાસ


કૌશિક પરેશ મોમાયા
(સાયરા-ડોંબિવલી)
૧૬ ઉપવાસ


ઉષા નાગરાજ લોડાયા
(સાંધવ-લોકાપુર કર્ણાટક)
૧૬ ઉપવાસ



આશિષ સતીશ લોડાયા
(જાલના)
૧૬ ઉપવાસ



તૃપ્તિ તેજશ શાહ
(વારાપધ્ધર-ચોપડા)
૧૬ ઉપવાસ


હેતલ મીકીર ખોના
(સાંધવ-ગાંધીધામ)
૧૬ ઉપવાસ


માનસી પ્રણવ ખોના
(સાંધવ-ગાંધીધામ)
૧૬ ઉપવાસ


ચેતના જવેરચંદ ખોના
(સાંધવ-ગાંધીધામ)
વીસ વીરહમાન તપ/અક્ષયનિધી


સોહમ નીરજ લોડાયા
(સુથરી-ઘાટકોપર)
૯ ઉપવાસ


નવીનચંદ્ર ઠાકરશી મૈશેરી
(નાની સિંધોડી-ભરૂચ)
૯ ઉપવાસ


મણિબેન એમ. મોમાયા
(ભુજપુર-વરાડીયા)
૯ ઉપવાસ


ચિત્રા પદમ લોડાયા
(વરાડીયા-ડોંબિવલી)
૯ ઉપવાસ


વિધી નરેન્દ્ર ખોના
(સાંધવ-ગાંધીધામ)
૯ ઉપવાસ


અભિષેક વિનોદ ગોસર
(બારોઈ-ડોંબિવલી)
૯ ઉપવાસ


ખમા ધર્મેન્દ્ર નાગડા
(જખૌ-માટુંગા)
૯ ઉપવાસ


અંજના કલ્પેશ શાહ
(તેરા-મુલુંડ)
૯ ઉપવાસ


ચતુર લાલજી ખોના
(સુથરી-ડોંબિવલી)
૧૫ ઉપવાસ


ઉદય શાંતિલાલ ધુલ્લા
(સુથરી-ડોંબિવલી)
સિદ્ધિ તપ


મિનલ ચેતન નાગડા
(પરજાઉ-તિરૂપુર)
વર્ષી તપ

# મુંબઈ તેમજ દેશ-દેશાવર તથા પરદેશમાં આબાલ વૃદ્ધો દ્વારા ઉગ્ર તપ આરાધનાઓ થઈ તેની નામાવલિ

| નામ | ગામ | ઉપવાસ |
|---|---|---|
| જીગર સતીશ છેડા | રાયપુર | ૮ ઉપવાસ |
| સુશાંત હેમંત મોમાયા | વરાડીયા-ડોંબિવલી | ૮ ઉપવાસ |
| કરણ ખિરેશ પટેલ | તેરા-ભાંડુપ | ૮ ઉપવાસ |
| ગ્રિષ્મા સમીર ડાઘા | વરાડીયા-સાયન | ૮ ઉપવાસ |
| પાયલ હેમંત વિક્રમશી | સુથરી-ડોંબિવલી | ૮ ઉપવાસ |
| મનીષા હરીશ મોમાયા | સાંયરા-ડોંબિવલી | ૮ ઉપવાસ |
| જિયા રિતેશ શાહ નાગડા | નલિયા-ભરૂચ | ૮ ઉપવાસ |
| હેતવી પ્રગનેશ નાગડા | લાલા-કરાડ | ૮ ઉપવાસ |
| મેઘના વિપુલ છેડા | તેરા-અંતરજાળ | ૮ ઉપવાસ |
| અલ્પા લલિત મોમાયા | વરાડીયા-દેવલાલી | ૮ ઉપવાસ |
| વિપુલ હરીશ ધરમશી | સેવક ભરૂડીયા-થાણા | ૮ ઉપવાસ |
| ધારિણી નિતિન સાયલા | તેરા-મુલુંડ | ૮ ઉપવાસ |
| જીલ વિપુલ નાગડા | પરજાઉં-નાશિક | ૮ ઉપવાસ |
| નલિની હિરાચંદ મૈશેરી | કોઠારા-વિરાર | ૮ ઉપવાસ |
| મીના સુનીલ ખોના | સુરત-મોટી ખાવડી | ૮ ઉપવાસ |
| કેતુલ ચંદ્રેશ લોડાયા | સાયરા-ઈંદૌર | ૮ ઉપવાસ |
| ધનરાજ વાલજી મોતા | સુથરી-જલગાવ | ૮ ઉપવાસ |
| દર્શ પ્રિતેશ લોડાયા | રાપર ગઢવારી-હૈદરાબાદ | ૮ ઉપવાસ |
| મંયક રૂપેન જૈન ધુલ્લા | કોઠારા-ઘાટકોપર | ૮ ઉપવાસ |
| સુયશ રાજીવ મોમાયા | તિરૂપુર-વરાડીયા | ૮ ઉપવાસ |
| નરેશ મેઘજી છેડા | નલિયા-શહાડ | ૮ ઉપવાસ |
| લિખેશ દામજી મોમાયા | અમદાવાદ-વરાડીયા | ૮ ઉપવાસ |
| રાજેશ ધરમશી | સેવક ભરૂડીયા-દાદર (ઈ) | ૮ ઉપવાસ |
| પ્રિશા ધરમશી | સેવક ભરૂડીયા-દાદર (ઈ) | ૮ ઉપવાસ |
| રૌનક જીતેન્દ્ર દંડ | સાંધવ-ગોરેગાવ | ૮ ઉપવાસ |
| ભાવેશ જીતેન્દ્ર દંડ | સાંધવ-ગોરેગાવ | ૮ ઉપવાસ |
| વંશિકા નિતેશ નાગડા | રાપર ગઢવારી-હૈદરાબાદ | ૮ ઉપવાસ |
| હર્ષ ચેતન ગાલા | કોટડીમહાદેવપુરી-ભાંડુપ | ૮ ઉપવાસ |
| મોનિકા દિપેશ ધરમશી | નાની સિંધોડી-ઈંદૌર | ૮ ઉપવાસ |
| દિપેશ કીર્તિ ધરમશી | નાની સિંધોડી-ઈંદૌર | ૮ ઉપવાસ |
| સૌમ્યક તિલકચંદ મોમાયા | સાયરા-સુથરી | ૮ ઉપવાસ |
| પારૂલ ખીરેશ ધ્રોળ | સાયરા-ડોંબિવલી | ૮ ઉપવાસ |
| દેવાંશ અજય પોલડીયા | ડુમરા-બરાહનપુર | ૮ ઉપવાસ |
| ચિરાગ મહેશ ખોના | ધ્રાફા-ડોંબિવલી | ૮ ઉપવાસ |
| અમિત કીર્તિ નાગડા | મુંબઈ | ૮ ઉપવાસ |
| હાર્દિક મુલચંદ મૈશેરી | મોટી સિંધોડી | ૯ ઉપવાસ |
| મુકેશ ભવાનજી લોડાયા | મોટી સિંધોડી | ૮ ઉપવાસ |


| નામ | ગામ | ઉપવાસ |
|---|---|---|
| વિશિત લિતિન લોડાયા | નાની ખાવડી-કોઈમ્બતુર | ૮ ઉપવાસ |
| હર્ષિલ ભાવિક મોમાયા | વરાડીયા-કોઈમ્બતુર | ૮ ઉપવાસ |
| કરણ શ્રેયસ મૈશેરી | લાલા-જલગાવ | ૮ ઉપવાસ |
| ભાગ્યશ્રી હેમલ લોડાયા | ધામણગાવ-સાયરા | ૮ ઉપવાસ |
| દેવ દીપ દંડ | અમદાવાદ-વરાડીયા | ૮ ઉપવાસ |
| રાહુલ તારાચંદ દંડ | વરાડીયા-અમદાવાદ | ૮ ઉપવાસ |
| કેવલ જયેશ ખોના | હુબલી-નલિયા | ૮ ઉપવાસ |
| પ્રકાશ રાજેન્દ્ર દંડ | લાલા-ડોંબિવલી | ૮ ઉપવાસ |
| લતા વિમલ ભાટે | અમદાવાદ | ૮ ઉપવાસ |
| મેહુલ હેમંત દંડ | મંજલ રેલડીયા-ઠાકુર્લી | ૮ ઉપવાસ |
| દિપેશ કીર્તિ ધરમશી | નાની સિંધોડી-ઈંદૌર | ૮ ઉપવાસ |
| અશ્વિની દર્શન લોડાયા | વારાપધ્ધર-અમદાવાદ | ૮ ઉપવાસ |
| મોનિકા દિપેશ ધરમશી | નાની સિંધોડી-ઈંદૌર | ૮ ઉપવાસ |
| ચાર્વિક મણીલાલ મોમાયા | વરાડીયા-ભાંડુપ | ૮ ઉપવાસ |
| નિધિ કુમારપાલ ડાઘા | વરાડીયા-કોઈમ્બતુર | ૮ ઉપવાસ |
| અનંત કુમારપાલ ડાઘા | વરાડીયા-કોઈમ્બતુર | ૮ ઉપવાસ |
| કામિની અજય મોતા | નલિયા-ડોંબિવલી | ૮ ઉપવાસ |
| યશ શાંતિલાલ પોલડિયા | ડુમરા-ડોંબિવલી | ૮ ઉપવાસ |
| રોહિન રતિલાલ ધુલ્લા | વરાડીયા-સુથરી | ૮ ઉપવાસ |
| ધવલ ઉમરશી ખોના | સાંધવ-ડોંબિવલી | ૮ ઉપવાસ |
| આકાશ અરવિંદ મુનવર | જખૌ-બેંગ્લોર | ૮ ઉપવાસ |
| દામિની પરેશ મોમાયા | સાયરા-ગાંધીધામ | ૮ ઉપવાસ |
| પ્રિયંકા ગિરિશ લોડાયા | કોઠારા-ડોંબિવલી | ૮ ઉપવાસ |
| વિજય પી.લુઢીયા | નાની ખાવડી-ગદગ | ૮ ઉપવાસ |
| દિશા જીતેશ ધરમશી | સુથરી-પુસદ | ૮ ઉપવાસ |
| રાજુલ જીતેશ ધરમશી | સુથરી-પુસદ | ૮ ઉપવાસ |
| રતિલાલ શામજી મોમાયા | વરાડીયા-ભાંડુપ | ૮ ઉપવાસ |
| તેજલ ઉદય ધરમશી | સાંધાણ-ડોંબિવલી | ૮ ઉપવાસ |
| હર્ષલ પ્રદીપ નાગડા | નલિયા-ડોંબિવલી | ૮ ઉપવાસ |
| તાનિયા તિલેશ શાહ | વારાપધ્ધર-ચોપડા | ૮ ઉપવાસ |
| ગુલાબ વિશનજી દંડ | લાલા-વિરાર | ૮ ઉપવાસ |
| પાર્થ નીરજ નાગડા | ખાંડવા-લાલા | ૮ ઉપવાસ |
| શીતલ મયૂર નાગડા | ડોંબિવલી | ૮ ઉપવાસ |
| મનીષા કિરણ મોમાયા | વરાડીયા-પવઈ | ૮ ઉપવાસ |
| ગૌતમ ડાકેશ ધરમશી | સુથરી-ભાટાપારા | ૮ ઉપવાસ |
| ભુમિન તુષાર લોડાયા | મોટી સિંધોડી | ૮ ઉપવાસ |
| પ્રીતિ યશવંત છેડા | વરાડીયા-ભાટાપારા | ૮ ઉપવાસ |

# મુંબઈ તેમજ દેશ-દેશાવર તથા પરદેશમાં આબાલ વૃદ્ધો દ્વારા ઉગ્ર તપ આરાધનાઓ થઈ તેની નામાવલિ

| નામ | ગામ | ઉપવાસ |
|---|---|---|
| જીગર સતીશ છેડા | સુજાપુર | ૮ ઉપવાસ |
| જ્યોતિ રાયચંદ છેડા | નલિયા-સિહોર | ૮ ઉપવાસ |
| સપના સાગર લોડાયા | નલિયા-ગાંધીધામ | ૮ ઉપવાસ |
| સાગર મયૂરકુમાર લોડાયા | નલિયા-ગાંધીધામ | ૮ ઉપવાસ |
| જય નરેન્દ્ર ખોના | સાંધવ-ગાંધીધામ | ૮ ઉપવાસ |
| શ્રુત પરેશ દંડ | બાયઠ-ઘાટકોપર | ૮ ઉપવાસ |
| કૌશિક પરેશ મોમાયા | સાયરા-ઘાટકોપર | ૮ ઉપવાસ |
| રાહુલ એચ. લોડાયા | કોઠારા-વડોદરા | ૮ ઉપવાસ |
| રોહન રતિલાલ ધુલ્લા | વડોદરા | ૮ ઉપવાસ |
| નલિન મહેન્દ્ર શિયાડ | તેરા-ડોંબિવલી | ૮ ઉપવાસ |
| હર્ષ નિખિલ ખોના | નલિયા-મુંબઈ | ૮ ઉપવાસ |
| હાર્દિક મૈશેરી | મોટી સિંધોડી-ડોંબિવલી | ૮ ઉપવાસ |
| શીતલ જયકુમાર મોમાયા | વરાડીયા-તિરૂપુર | ૮ ઉપવાસ |
| તેજલ ઉદય ધરમશી | સાંધાણ-વિરાર | ૮ ઉપવાસ |
| દિયા પ્રિતેશ દંડ | અમદાવાદ-પરજાઉ | ૮ ઉપવાસ |
| નિતિન કરમશી દંડ | સાંધવ-હૈદરાબાદ | ૮ ઉપવાસ |
| લતાબેન રાજેશ નાગડા | નલિયા-વડોદરા | ૮ ઉપવાસ |
| પુર્વી રાહુલ લાલકા | વારાપધ્ધર-નવી મુંબઈ | ૮ ઉપવાસ |
| હીના રાજેશ મુનવર | બેલ્લારી-જખૌ | ૮ ઉપવાસ |
| કિરણ રાજેશ મુનવર | બેલ્લારી-જખૌ | ૮ ઉપવાસ |
| કિંજલ જયેશ મહેશ્વરી | કોઠારા-કલ્યાણ | ૮ ઉપવાસ |
| નયના મહેન્દ્ર મોતા | લાલા-ડોંબિવલી | ૮ ઉપવાસ |
| અભિષેક પારસ ધરમશી | કોઠારા-હૈદરાબાદ | ૮ ઉપવાસ |
| ગૌતમ જયેશ મહેશ્વરી | કોઠારા-કલ્યાણ | ૮ ઉપવાસ |
| અનુજ ગિરિશ લોડાયા | રવા-ડોંબિવલી | ૮ ઉપવાસ |
| ધર્મિતા અનુજ લોડાયા | રવા-ડોંબિવલી | ૮ ઉપવાસ |
| કિર્તી કુંવરજી લોડાયા | સાયરા-ડોંબિવલી | ૮ ઉપવાસ |
| પ્રફુલ્યા તુષાર દંડ | મંજલ રેલડીયા-મુલુંડ | ૮ ઉપવાસ |
| સૌ.ભારતી ગૌતમ | વરાડીયા-મુલુંડ (ઈ) | ૮ ઉપવાસ |
| ઉમંગ વિમલેશ માલદે | સેવક ભરૂડીયા-જામનગર | ૮ ઉપવાસ |
| જયેશ ખોના | સુથરી-ડોંબિવલી | ૮ ઉપવાસ |

# વરાડીયા તીર્થે પર્યુષણ પર્વમાં ભવ્ય તપસ્યાઓ થઈ

વરાડીયા તીર્થના ૧૨૨ વર્ષ પ્રાચીન જિનાલયના મૂળનાયક શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ દાદાના સાંનિધ્યમાં ચાતુર્માસ પાવન નિશ્રા પ્રદાન કર્તા પ.પૂ.મુનિરાજ શ્રી હિતવર્ધન સાગરજી મ.સા. સંગે મહાપર્વ દરમ્યાન કુલ્લ ધૃત ૧,૬૦,૪૦૧ મણ જેમાં સ્વપ્ન મહોત્સવનું ધૃત ૧,૨૬,૨૫૮ મણ થયેલ.



પ.પૂ.મુનિરાજ શ્રી હિતવર્ધન સાગરજી મ.સા.

કલ્પસૂત્ર (પોથી) ઘેર પધરામણી ૯૯૯ મણ માતુશ્રી લક્ષ્મીબાઈ મુલજી પરબત લોડાયા તથા માતુશ્રી નવલબાઈ ઘેલાભાઈ કેશવજી મૈશેરી (બાંડીયા). પારણું ઘેર પધરામણી ૯૯૯ મણ માતુશ્રી દક્ષાબેન દેવેન્દ્ર કુંવરજી પટેલ

તપસ્યા : **૧૧ ઉપવાસ** – પદમ લાલજી લોડાયા, ડોમ્બીવલી

**૯ ઉપવાસ** – દીપક ગંગાજર ડાઘા, મુલુંડ, સૌ. મણીબાઈ મધુકાંત પાસવીર મોમાયા, ભુજપુર, સૌ. રોહિણી કિર્તીકુમાર નેણશી મોમાયા, પુના, સૌ. ચિત્રા પદમ લાલજી લોડાયા, ડોમ્બીવલી, સૌ. જ્યોતી મુરજી નેણશી મોતા, લાખણીયા, સૌ. સુનિતા ખિરેશ શામજી ડાઘા, વરાડીયા, માતુશ્રી ખમાબેન ધર્મેન્દ્ર નાગડા, માટુંગા.

**૮ ઉપવાસ** – સૌ. મનિષા કિરણ સોમચંદ મોમાયા, પવઈ, મુંબઈ, રતિલાલ શામજી મોમાયા, નાહુર, નલિન રતનશી ડાઘા, થાણા, લિખેશ દામજી મોમાયા, અમદાવાદ, સૌરભ લાલકા, વરાડીયા.

ભાદરવા સુદ પાંચમના દિવસે ૪૦ ભાવિકોએ પૌષધની આરાધના કરેલ.



# પ્રથમ પુણ્યતિથીએ ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ

પૂજ્ય પિતા સ્વ. શ્રી ગિરીશભાઇ મેઘજી લોડાયાની

**પ્રથમ પુણ્યતિથીએ**

પુત્ર - અનુજ અને પુત્રવધુ - અ.સૌ. ધર્મિતાની

પર્યુષણ મહાપર્વ દરમ્યાન

અઠ્ઠાઇ તપ કરી પિતાશ્રીને આપેલ

**અનેરી શ્રદ્ધાંજલિ!**

શ્રદ્ધાસુમન:

માતુશ્રી હંસાબેન ગિરીશ લોડાયા (રવા - ડોંબિવલી)

શ્રીમતી જીજ્ઞાબેન રાકેશ છેડા (જસાપર)

શ્રીમતી પ્રજ્ઞાબેન પરાગ મેપાણી (પરજાઉ - વાપી)

સ્વર્ગવાસ:

મંગળવાર, તા. ૧૯.૦૯.૨૦૨૩

## અઠ્ઠાઈ તપની અનુમોદના

અનંત તીર્થંકર પરમાત્માએ સમવસરણમાં દેશના આપતાં તપને સકામ નિર્જરા માટે
પ્રાધાન્ય આપ્યું છે. નવપદમાં તપને નવમું સ્થાન આપવામાં આવ્યું છે.
એકમાત્ર તપથી જ કર્મને શીઘ્રતાથી શીઘ્ર ક્ષય કરી શકાય
વર્તમાન અવસર્પિણી કાળમાં પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ અને ચોવીસમાં તીર્થંકર
સુધીના તમામ તીર્થંકર પરમાત્માએ પણ તપનું આલંબન લઇ અનેક જીવોને પ્રતિબોધ કર્યા છે.



શ્રી કિરીટ કુંવરજી લોડાયા (સાંયરા)
અઠ્ઠાઇ તપ



શ્રી અનુજ ગિરીશ લોડાયા (રવા)
અઠ્ઠાઇ તપ



અ.સૌ. ધર્મિતા અનુજ લોડાયા (રવા)
અઠ્ઠાઇ તપ

અનુમોદક:

માતુશ્રી હંસાબેન ગિરીશ લોડાયા (રવા-ડોંબિવલી)

શ્રીમતી ગીતાબેન કિરીટ કુંવરજી લોડાયા (સાંયરા-ડોંબિવલી)

શ્રીમતી જીજ્ઞાબેન રાકેશ છેડા (જસાપર)

શ્રીમતી પ્રજ્ઞાબેન પરાગ મેપાણી (પરજાઉ-વાપી)

શ્રીમતી સૃષ્ટિ ધર્મિલ મૈશેરી (નાની સિંધોડી-મુલુંડ)

ચિ. પ્રથમ, ચિ. સૌમ્ય, કુ. રિત્વી, ચિ. વિહાન, ચિ. સુહાન

# સંજીવની કેસ નં.૧૫૦ માટે જોઈતું ભંડોળ જમા થઈ જતાં મદદ અરજી ક્રાઉડ ફંડિગમાંથી પાછી લેવાઈ




૬૫ વર્ષીય વારાપધ્ધર-ગાંધીધામના માધુરીબેન જવેરચંદ લોડાયા પડી જવાને લીધે ફેમોરેલ નેક-હિપ ફ્રેક્ચર ગ્રસ્ત થયાં જે માટે તાત્કાલિક સર્જરીની જરૂર હોવાનું નિદાન ડોક્ટરોએ કર્યું.


શસ્ત્રક્રિયા કર્યા પછી પીડામાં રાહત મળશે, હલન ચલન કરી શકશે અને કોઈની સહાય સાથ વગર પોતાની રોંજીદી પ્રવૃત્તિઓ કરી શકશે. વરિષ્ઠ મહિલા પુત્ર સાથે રહે છે. જે સામાન્ય પ્રકારની નોકરી કરી લઘુતમ વેતન મેળવે છે. પરિવારની કોઈ બચત નથી કે નથી કોઈ પ્રકારના વીમાનું કવચ.

ઈલાજ માટેનો અંદાજિત ખર્ચ રૂા.૮૮ હજાર ડોક્ટરો તરફથી અપાયું. આકસ્મિક મુસીબતમાં સપડાયેલ પરિવારે મદદ માટે સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ દ્વારા સંચાલિત સંજીવની યોજના અંતર્ગત અરજી કરી.

દરેક કેસ અરજી માટે નક્કી થયેલ પ્રોસીજર મુજબ આવેલ અરજી તેમજ ડોક્ટરોના સારવાર ઈલાજ માટેના પેપર તપાસી સેકન્ડ ઓપિનિયન લીધા બાદ મદદ માટે જાઈતી રકમ રૂા.૮૮ હજાર જમા કરવા ક્રાઉડ ફંડિગ માટે ઓપન કરાયો. જણાવતા આનંદ થાય છે કે આજ સુધીના ૧૪૯ કેસોની જેમ આ ૧૫૦મું સંજીવની કેસનો નિવેડો ટૂંક સમયમાં થઈ જતા સદર અરજી ક્રાઉડ ફંડિગમાંથી પાછી લઈ લેવાઈ.

આજ સુધીની દરેકે દરેક મદદ અરજી માટે ઉદાર દિલ વ્યક્તિગત દાતાઓ, મહાજનો, ટ્રસ્ટ, સંસ્થાઓ એ ઉદારભાવ રાખ્યો છે. જેના ગુણગાન જેટલા કરીએ એટલા ઓછા છે. કોઈ જ્ઞાતિ સમાજમાં આ પ્રકારની સેવા પ્રવૃત્તિ સંચાલિત ન થતી હશે. લગભગ છેલ્લા છ વર્ષમાં સાર્ધ સંખ્યાની અરજીઓને કરોડો રૂપિયાની મદદ કરી શકયા છીએ. જેનો શ્રેય ઉદાર દિલ સૌ સખાવતીઓને છે. સમસ્ત મહાજન અને મેડિકલ સમિતિ સૌ દાતાઓ, મહાજનો, સંસ્થાઓ, મંડળો, એકમો અને ટ્રસ્ટોનો ઉદાર ભાવથી ગુણગાન ગાતા અનુમોદના કરી વંદના કરે છે.

# સંજીવની કેસ નં.૧૫૧ માટે જોઈતી રકમ રૂા.૧.૪૦ લાખ જમા થઈ જતાં ક્રાઉડ ફંડિગમાંથી અરજી પાછી લેવાઈ




ગોરખડી ડોંબિવલીના ૧૯ વર્ષીય કુ.ભૂમિ દીપક ખોનાને ટ્યુબરક્યુલસ મેનિન્જાઈટિસની તકલીફને કારણે બેહોશ અવસ્થામાં તાત્કાલિક હોસ્પિટલમાં એડમિટ કરાયા.

માતા અને નાના ભાઈ સાથે રહેતી ભૂમિના પિતા બે વર્ષ અગાઉ જ અવસાન પામ્યા છે. બંન્ને ભાઈ બહેન અભ્યાસ કરે છે. માતા જીવન નિર્વાહ ગુજારા માટે રસોઈ બનાવવાનું કામ કરી મર્યાદિત આવક રળે છે. આર્થિક તંગીની અવસ્થા વચ્ચે પુત્રીની બીમારીને લીધે આવેલ જવાબદારીને વહન કરવાની કપરી પરિસ્થિતિ આવી. પરિવારની નથી કોઈ બચત કે નથી કોઈ વીમાનું કવચ.

આવી વિકટ પરિસ્થિતિ વચ્ચે પરિવાર પુત્રીના ઈલાજ અને દવા સારવાર માટે ડોક્ટરો દ્વારા અપાયેલ અંદાજિત ખર્ચ રૂા.૧.૪૦ લાખની મદદ માટે સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ પાસે મદદ અરજી મૂકી, જેનો અભ્યાસ કર્યા બાદ આ કેસ માટે જોઈતી રકમની જરૂરિયાત માટે કેસ ક્રાઉડ ફંડિગ માટે મૂક્યો. જણાવતા હર્ષ થાય છે કે આજ સુધીના ૧૫૦ કેસની જેમ આ વખતનો સંજીવની ૧૫૧ મો કેસ જાહેર કરતાં જ વેંત ટૂંકા ગાળામાં જ જોઈતું ભંડોળ જમા થઈ જતાં સદર અરજી ક્રાઉડ ફંડિગમાંથી પરત લઈ લેવાઈ હતી.

લગભગ છેલ્લા છ વર્ષના સમયગાળા દરમ્યાન આજ સુધી ૧૫૧ સંજીવની અરજીના દરેક કેસ સમયસર અને સ્વાભિમાન ભેર ઉદારદિલ દાતાઓ, ટ્રસ્ટ, સંસ્થા, એકમ, મહાજનોની દિલેરી મદદથી પૂર્ણ થઈ ગયા જે માટે મેડિકલ સમિતિને સંતોષ છે. આ ગર્વ સન્માન આપનાર સૌ ગૌરવશીલ વ્યક્તિગત દાતાઓ, સંસ્થા, એકમ, મહાજન, મંડળો અને ટ્રસ્ટોનો મેડિકલ સમિતિ નમ્રતાપૂર્વક, સન્માનપૂર્વક ભૂરી ભૂરી અનુમોદના કરી. જ્ઞાતિજનો પ્રત્યે તેમની પરોપકાર ભાવનાને શત શત નમ્ર ભાવથી બિરદાવે છે અને નમન કરે છે.

# શ્રી કારંજા નગર સંઘમાં પ્રભુશ્રી મહાવીર સ્વામીનું પારણું લાભાર્થી પરિવારને ઘરે પધરાવવામાં આવ્યું





શ્રી કારંજા નગર સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી સંયમ ગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ની પાવન નિશ્રામાં પ્રભુશ્રી મહાવીર સ્વામીનું પારણું પધરાવવાનો લાભ મહેન્દ્રભાઈ લક્ષ્મીચંદ લોડાયા પરિવારે ભાવપૂર્વક લીધેલ. પ્રભુજીનું પારણું વાજતે ગાજતે ધર્મ ઉત્સાહ ભાવ સાથે એમના ઘરે પધરાવવામાં આવેલ.

સંઘના શ્રાવક શ્રાવિકાઓ આ ધન્ય ક્ષણોના સહભાગી થઈ ધન્ય ધન્ય થયાં હતા.





# શ્રી બડગરા સંઘમાં મહામંગલકારી પર્યુષણ પર્વ રૂડી ધર્મ આરાધનાઓ સાથે ઉજવાયા

મહામંગલકારી એવા પર્યુષણ પર્વ રૂડી રીતે ધર્મ આરાધના સાથે ઉજવાયા.

વાંચન માટે મુંબઈ આર્યરક્ષિત વિદ્યાપીઠમાંથી રેવતીબેન મણીલાલ ખોના (સુથરી-મુલુંડ), અરૂણાબેન લધુભાઈ નંદુ (બોરીવલી) એ એમની સુંદર વાણીથી સંભળાવેલ.

શ્રી કલ્પસુત્ર પોથી પધરાવવાનો લાભ ૪૯૯ મણમાં શા.જીવરાજ વેરશી પોલડીયા પરિવાર તેમજ પ્રભુજીનો પારણો ૧૬૧૧ મણમાં માતુશ્રી હીરાવંતીબાઈ પ્રેમજી લોડાયા પરિવાર એ પધરાવેલ. સ્વપ્નાનો ધૃત ૭૩૯૨૫ મણ તેમ કુલ ૭૮૯૯૫ થયેલ. બારસા સૂત્ર વહોરવાનો લાભ તેમજ છઠ્ઠના (ગંભારા) દ્વાર ખોલવાનો લાભ શા.જીવરાજ વેરશી પોલડીયા પરિવારએ લીધેલ. છઠ્ઠના સામૂહીક ક્ષમાપના કરેલ.

તપસ્યામાં અઠ્ઠાઈ શ્રીમતી રશ્મીબેન સતીષ લોડાયા એ કરેલ. તેમ નાની મોટી તપસ્યા સારી થયેલ.

---

# રચના મહિલા મંડળનો ૩૫મા વર્ષમાં શાનદાર પ્રવેશ પ્રસંગે પ્રોગ્રામ નં.૧ La Carnival પ્રોગ્રામ

રચના મહિલા મંડળનો ૩૫મા વર્ષમાં દમદમાભેર પ્રવેશ થયો છે. આ પ્રસંગને વધાવતા નવા વર્ષનો પ્રથમ પ્રોગ્રામ તા.૨૮ સપ્ટેમ્બર શનિવારના બપોરે ૩ કલાકે જી.એસ.શેટ્ટી ક્રિસ્ટલ હોલ, નવભારત નૂતન વિદ્યાલય સામે, નેતાજી સુભાષ રોડ, મુલુંડ પશ્ચિમમાં કલ્પના ધરમશી પ્રસ્તુત La Carnival શોનું આયોજન કરાયું છે.

લા કાર્નિવલ આ નામની જેમ જ કંઈક નોખો અનોખો ગેમ શો છે. જેમાં દરેક સૌ ગેમ રમી શકો છો. જે શોમાં સભ્યો સખીઓ મિત્રો કરશે. મોજ, મસ્તી અને મજા. આ દરેક રમતો ટેબલ બેઝડ કસીનોની જેમ આબેહુબ મોજ મજા કરાવવાવાળી છે. જે સૌ સમયસર પધારશે તેમને એક નવલા નજરાણા રૂપે બોલીવુડ થીમ જેવી ગેમને પણ આમાં સાંકળી લેવામાં આવી છે. તો આવો આ નવા વર્ષની શરૂઆતે હર્ષોલ્લાસપૂર્વક માણીએ.

આ નવલા પ્રકારની ગેમના રૂલ્સ અને રેગ્યુલેશન સૌને શરૂઆતમાં જ સમજાવીને રમતોત્સવનો શુભારંભ કરીશું. તો સૌએ સમયસર પધારવા  આગ્રહભરી વિનંતી. આપ સૌનો સાથ સહકાર અનિવાર્ય છે.

નવું વર્ષ નવા સંકલ્પો અને નવા કાર્યક્રમો માણવા નવા મેમ્બરોને ખાસ આમંત્રણ છે. મેમ્બરશીપ માત્ર રૂા.૮૦૦. સંપર્ક અનિતા-૯૮૨૦૭૬૬૨૮૩, પૌલમી-૯૮૨૧૩૩૫૮૮૮.

---


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી જૂન તથા જુલાઈ માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**

| | |
|---|---|
| તા. ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૪ | શ્રી ક.દ.ઓ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ દ્વારા આયોજિત ચૈત્ય પરિપાટી-મુંબઈ, સાન્તાક્રુઝ, નવી મુંબઈ, મુલુંડ પૂર્વ |
| તા. ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૪ | ક.દ.ઓ જૈન સહીત ડોંબિવલીના સમસ્ત જૈન સમાજની જૈન શાસનની શોભા યાત્રા સહ સાધર્મિક ભક્તિ. |
| તા. ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૪ | શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ-ડોંબિવલીની વાર્ષીક જનરલ મીટીંગ મંડળના કાયોલયમાં બપોરના ૦૩.૧૫ કલાકે થી તેમજ ચૈત્ય પરિપાટીમાં જતા યાત્રિકોની મીટીંગ સાંજના ૦૪.૩૦ કલાકે થી |
| તા.૨૦ સપ્ટેમ્બર ૨૦૨૪ થી ૨૩ સપ્ટેમ્બર ૨૦૨૪ | કચ્છી દશા ઓશવાલ મંડળ ડોંબિવલી દ્વારા રાજસ્થાન ચૈત્ય પરિપાટી. |
| તા. ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૪ | કચ્છી દશા ઓશવાલ મંડળ ડોંબિવલી દ્વારા આયોજિત શ્રી મહાકાળી માતાજીની ભાવના, હોરિઈઝન હોલ, ડોમ્બિવલી પુર્વ |
| તા. ૨૯ સપ્ટેમ્બર ૨૦૨૪ | સ્નેહ મિલન, સાધર્મિક ભક્તિ સહ તપસ્વીઓનું બહુમાન હોરાઈઝન હોલ ડોંબિવલી(પૂવે). |
| તા. ૦૩ ઓક્ટોબર ૨૦૨૪ | નલિયા જિનાલયમા શ્રી ચંદ્રપ્રભ સ્વામી સહ જવાલામાલિની દેવી મહાપુજન. |
| તા. ૮ થી ૧૦ નવેમ્બર ૨૦૨૪ | વારાપધરમાં બિરાજમાન લાલકા પરીવાર ના કુળદેવી શ્રી ચામુંડા માતાજી ના ભુવાની વિધિ, ૧૪ મી પહેડી તથા હવન-વારાપધર સ્થાને. |
| તા. ૧૫-૧૭ નવેમ્બર ૨૦૨૪ | જખૌ તીર્થ મા ત્રિદિવસીય પરમાત્મ ભક્તિમય મહોત્સવ તથા જખૌ વાસીઓનુ સ્નેહ મિલન. |
| તા. ૧૫ થી ૧૮ નવેમ્બર ૨૦૨૪ | જખૌમાં મુનવર પરીવારોની કુળદેવી શ્રી અંબેઆઇ માતાજીના મંદિરે તથા નવ નિર્મિત શ્રી ભીખુપીર દાદાના મંદિરે મુનવર પરીવારોના ભુવાજીશ્રીના બાના બદલી તથા માતાજીની પુનઃ પ્રતિષ્ઠા સહ વિવિધ કાર્યક્રમ. |
| તા. ૨૩ નવેમ્બર ૨૦૨૪ | મુમુક્ષુ કુ. હિરલ શૈલેશ નરશી પીર લોડાયા, બાયઠ : દિક્ષા મહોત્સવઃ ભાંડુપ માં |
| તા. ૦૧ ડિસેમ્બર ૨૦૨૪ | પ્રકાશ સમીક્ષા શતાબ્દી ઉજવણી, ષણમુખાનંદ હોલ, માટુંગા, મુંબઈ. |
| તા. ૧૦ ડિસેમ્બર ૨૦૨૪ | કોટડી મહાદેવપુરી મા ધ્રોળ પરીવારના કુળદેવી શ્રી સચ્ચાઇ માતાજી તથા શ્રી વાછરા દાદા સ્થાનકે ધ્વજારોહણ મહોત્સવ |

# હુબલી નગરે શ્રી ભગવતી મહાકાળી મંડળ આયોજિત નવરાત્રી ઉત્સવનો ૨૮ મા વર્ષેમાં પ્રવેશ

શ્રી ભગવતી મહાકાળી મંડળ આયોજિત નવરાત્રી ઉત્સવ ૨૮ માં વર્ષે પ્રવેશતાં આપણે સહુ આનંદ અનુભવી રહ્યા છીએ. ઉત્સવની શરૂઆત તા.૩ ઓક્ટોબરથી પ્રારંભ થઈ તા. ૧૨ ઓક્ટોબરના પૂર્ણાહુતિ પામશે.

ગુરૂવાર તા.૩ ઓક્ટોબરના સવારે ૧૦.૩૫ કલાકે નવપરિણીત યુગલો દ્વારા માતાજીનું આગમન.

નવપરિણીત યુગલોઃ ૧) ચિ. મોક્ષ પ્રજેષ નાગડા ૨) ચિ. રાહુલ પંકજ લોડાયા ૩) ચિ. સૌરભ ગુલાબ લોડાયા ૪) ચિ. રાહુલ પ્રફુલ મોમાયા.

નવપરિણીત યુગલો સમયસર આવી શ્રીફળ ફૂલ તથા માતાજી ને યથાશક્તિ રોકડ નાણું સ્થાપના કરતી વેળાએ ધરાવી લાભ લેવા વિનંતી. સહુ વહુઓએ ખોંભાના છાયલ માં આવવા આગ્રહભરી વિનંતી.

આ પ્રસંગે શ્રી લક્ષ્મીચંદ શામજી નાગડા પરિવાર તરફથી મીઠું મોઢું કરાવવામાં આવશે.

સ્થાપના બાદ નવપરિણીત યુગલો દ્વારા માતાજીની આરતી ઉતારવામાં આવશે.

સ્થળઃ એ/૪, કેડીઓ રેસીડેન્સી શ્રી શાંતિલાલ રામજી લાલકાના નિવાસ સ્થાને. ભાવના સમય દરરોજ રાત્રે ૮ થી ૧૦ કલાક સુધી.

શનિવાર તા.૧૨.૧૦.૨૦૨૪ નાં સવારે ૧૦.૩૫ કલાકે માતાજીની આરતી કર્યા બાદ માતાજી પોતાના મૂળ સ્થાનમાં બિરાજમાન થાશે. ત્યારબાદ અલ્પાહારની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

(૧) દરરોજ ભાવનાના મધ્યમાં સરપ્રાઈઝ પ્રશ્નો તથા વિજેતાને ભેટ આપવામાં આવશે. તેના દાતા શ્રી નેવિલ નારાણજી લોડાયા પરિવાર (૨) પૂજા સામગ્રીના દાતા શ્રી કૈલાશ ખેતશી મુનવર (૩) અલ્પાહારના દાતા શ્રીમતી જયશ્રીબેન પૃથ્વીરાજ ઝવેરી.

આઠમની આરતીનું ધૃતની બોલી બોલીને લાભ લેશોજી. દર વર્ષની જેમ હોંશે હોંશે પ્રસાદ પ્રભાવનાનો લાભ લેશોજી.


॥ દંતાણી તીર્થ મંડન શ્રી સીમંધરસ્વામિને નમઃ ॥

॥ વિધિપક્ષ અચલગચ્છ પ્રર્વતક દાદા ગુરૂશ્રી આર્યરક્ષિતસૂરિ ગુરૂભ્યો નમઃ ॥

શ્રી સીમંધરસ્વામિ પ્રશંસિત, મહાત્યાગી-ક્રિયોદ્ધારક, વિધિપક્ષ (અચલગચ્છ)
પ્રવર્તક પ.પૂ.દાદાગુરૂદેવ શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મહારાજાની જન્મ દીક્ષા ભૂમિની સ્મૃતિમાં નિર્મિત

**શ્રી આર્યરક્ષિત જૈન શ્વેતાંબર તીર્થ**

**શ્રી સીમંધરસ્વામી વીશ વિહરમાન ૩૨ વિજય મહાવિદેહ તીર્થ**

**આમુલચૂલ ભવ્ય સંગેમરમર ૩૨ જિનાલય સહ**

દાદા ગુરૂ શ્રી આર્યરક્ષિતસૂરિજી મ.ના ગુરૂ મંદિર (દાદા વાડી)નું જીર્ણોધ્ધાર... નવ નિર્માણ

તીર્થ સંસ્થાપક : શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.ગુરૂદેવ આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા

તીર્થ પ્રેરક : જીર્ણોધ્ધાર માર્ગદર્શક : પુણ્ય પ્રભાવક સામ્રાજ્ય,
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા

**અંજનશલાકા પ્રતિષ્ઠા મહામહોત્સવનો મુહૂર્ત :**
**વિ.સં. ૨૦૮૧ મહા વદ-૧ ગુરૂવાર. ૧૩/૨/૨૦૨૫**
**આજથી જ નક્કી કરો કે તમારે દંતાણી તીર્થની મુલાકાત લેવી છે.**

**ઉત્તમ ભોજનશાળા - એસી/નોન એસી આધુનિક ધર્મશાળાની પરમ સુવિધા**

● સંપર્કઃ મેનેજર - ભરતભાઈ દંડ - 9929917712

**સૌજન્ય : જય હિતેન્દ્ર મોતા (રાપરગઢ)**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● ભુજ શહેરનું હૃદય સ્થાન એવું હમીરસર તળાવ ઓગને એટલે સોળ આની વરસાદ ગણાય. શહેરના નાની મોટી વયના લોકો છલોછલ લહેરાતું તળાવ જોઈને રાજી થાય. તો ઘણા ઘુબાકા મારવા થનગને સુખી સંપન્ન વર્ગ મોંઘીદાટ ફી ખર્ચીને ધંધાદારી સ્વિમિંગ પુલની મોજ લે. ભુજમાં એક એવા ય તરવૈયા ગુરૂજન છે કે જેઓ છેલ્લા બે દાયકાથી બાળકોથી લઈ યુવાનો પ્રૌઢોને હમીસર તળાવમાં મફત સેવા ભાવે તરવાનું શીખવે છે. આ અનોખા ગુરૂનું નામ છે સુરેશભાઈ વણોલ. તેમના પિતા મગનભાઈ ૪૦-૫૦ વર્ષ અગાઉ વહેલી સવારે પાંચથી દસ યુવાનોને પાવડીને કાંઠે તાર શીખવતા અને એક અઠવાડિયામાં આ તાલીમાર્થીઓ બીક વિના તળાવમાં છુટથી ઘુબાકા મારતા થઈ જતાં પિતાનું આ મિશન તેમના પુત્ર નિવૃત્ત એસ.ટી.કર્મચારી સુરેશભાઈ એ સંભાળી લીધું છે.

● નખત્રાણા તાલુકાના નાના અંગિયા પ્રાથમિક શાળાના શિક્ષક વિશાલ વિશ્વેશ જોષી ગ્લોબલ વોર્મિંગની અસર ઘટાડવા, પર્યાવરણને બચાવવા માટે અને જાગૃતિ અભિયાનના ભાગ રૂપે નૈતિક ફરજ સમજી ૫૦ કિલો જેટલી લીંબોળી બીજનો આસપાસના ગ્રામ્ય વિસ્તારો અને સીમાડામાં છંટકાવ કર્યો હતો. વૃક્ષારોપણ માટે પોતાના યોગદાન રૂપે છેલ્લાં સાત વર્ષથી લીંબોળીનું છંટકાવ અભિયાન ચલાવી રહ્યાં છે. લીંબોડીના બીજ બજારમાં વેચાતું મળતું ન હોવાથી તેમણે આ સમસ્યાના ઉકેલ રૂપે પોતાની શાળાના વિદ્યાર્થીઓની મદદ લઈને વિદ્યાર્થીઓના ઘરે, વાડા, આંગણમાં તેમજ આજુબાજુની જગ્યાએ રહેલ લીમડાના ઝાડ નીચે પડેલ લીંબોળી એકત્ર કરવા કહ્યું. જેને લીધે લીંબોળી બીજ તેમની પાસે જમા થયા હતા.

● કચ્છની કારીગરી એ વિશ્વમાં વખણાયેલી બેનમૂન કળા છે. તેરાના કચ્છી બાંધણી બનાવનારા ખત્રી અબ્દુલ રહેમાન ખત્રીના ૧૬ બાંધણીઓ જાપાનમાં મિથીલા મ્યુઝિયમમાં સ્થાન મળ્યું છે. ભારતના એપરેલ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ એ ઈન્ડિયા ટેક્સ ટ્રેન્ડ ફેરના ભાગરૂપે કચ્છના બાંધણી કારીગરની કલા ૧૪મા ઈન્ડિયા ટ્રેડ ફેર ૨૦૨૪માં શાનદાર રીતે પ્રદર્શિત કરાઈ હતી.

● ઓધવરામ સત્સંગ મંડળ સંચાલિત રાતા તળાવની વાલરામજી પાંજરાપોળમાં ૫૮૦૦ જેટલી ગાયોનો નિભાવ થાય છે. મેઘમહેરથી રાતા તળાવ છલકી જતાં મેઘોત્સવનો કાર્યક્રમ યોજાયો. આ પ્રસંગે માંડવી ભાનુશાલી દ્વારાના સાધુ મહંત કરશનદાસજી મહારાજે પોતાની મળેલી ભેટ પૂજાની સંપતિના રૂા.૨૫ લાખની રકમ ગાયોને માટે રાતા તળાવ પાંજરાપોળને કૃષ્ણાપર્ણ કર્યો હતો.

● લખપત તાલુકાના પુનરાજપર લિગ્નાઈટ ખાણના આગમનથી લખપત વિસ્તારના જમીનના ભાવો આસમાને પહોંચ્યા છે. તાલુકાના છેવાડાના ગામડાઓમાં અગાઉ એકરના એકથી દોઢ લાખ રૂપિયાનો ભાવ હતા જે હવે ૨૦ થી ૨૫ લાખ રૂપિયા એકર દીઠ ભાવ છે. તાલુકાના મુખ્ય મથક દયાપર ખાતે બસ સ્ટેશન પર ૩૦૦ ફૂટની દુકાન લેવી હોય તો ૪૦ લાખના ભાવ છે. જ્યારે માતાના મઢ તીર્થધામમાં તો દુકાનના માસિક ભાડા રૂા.૫૦ હજાર છે. પવન ચક્કીઓ ચાલુ થતાં દયાપરના મકાન ભાડા ૧૦ થી ૩૦ હજાર સુધી અધધ ઊંચાઈએ પહોંચ્યા હતા. હાલમાં પુનરાજપર વિસ્તારની એક ખેતી જમીનનો ભાવ એકર દીઠ ૨૩ લાખના ભાવે સોદો થયાનો મુદ્દો ચર્ચાઈ રહ્યો છે.

● મૂળ કચ્છ સિનુગ્રા હાલે બેંગ્લોર સ્થિત કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજના ૪૧ વર્ષીય નેહલબેન નીલેશભાઈ વાઘેલા ગુજરાત બોર્ડર રાઈડના બેનર હેઠળ છ હજાર કિ.મી.ના બાઈક પ્રવાસે કચ્છ ભુજ ખાતે આવ્યા હતા. તેઓ છેલ્લા આઠ વર્ષથી દ્વિચક્રીથી લાંબા અંતર કાપવાનો શોખ ધરાવે છે. આઈટીમાં કામ કર્યા બાદ ફ્રિલાન્સ ઓટોમેટિવકન્ટેન્ટ ક્રિએશન સાથે જોડાયેલા નેહલબેન આ અગાઉ ધનુષ્ય કોડી, મેઘાલય તેમજ કર્ણાટકનો પ્રવાસ ખેડ્યો છે. તેમને પ્રવાસની સિધ્ધિ બદલ ઈન્ડિયન બુક ઓફ રેકોર્ડસમાં સ્થાન મળ્યું છે.


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA